**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૧/૦૯/૨૦૧૭ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૩૪/૧૭**

**અમદાવાદ શહેરના બહુમાળી કોમર્શીયલ કોમ્પલેક્ષમાંની દુકાનોના શટર તોડી ચોરી કરતી ટોળકીના ત્રણ ઈસમોને પકડી લઈ અનેક ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલતી ક્રાઈમબ્રાન્ચ**

અમદાવાદ શહેરમાં બની રહેલ ઘરફોડ ચોરી અંગેના ગુનાઓ શોધી કાઢવા સારુ મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર નાઓએ કરેલ સુચના આધારે શ્રી જે.કે. ભટ્ટ સંયુકત પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ, નાઓની સુચના આધારે શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી, ડો.રાજદીપસિંહ ઝાલા, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ નાઓના માર્ગ દર્શન આધારે અત્રેની શાખાના પો.સ.ઈ.શ્રી સી.બી.ચૌધરી તથા પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા સ્ટાફના માણસો તથા આનંદનગર પોસ્ટે.ના પો.ઇ.શ્રી ડાંગરવાલા તથા તેઓના સ્ટાફના માણસો સાથે મળી આરોપીઓ (૧) અમીત ઉર્ફે શ્યામ સ/ઓ નવિનચંદ્ર દરજી (સાપરીયા) ઉ.વ.૪૧ રહે. મ.નં. ૨ પામગ્રીન સોસાયટી ગીરીશભાઈ ચાવડાના મકાનમા આજવા વાઘોડીયા રીંગરોડ વડોદરા (૨) નયન ઉર્ફે કમલેશ સ/ઓ પ્રવિણચંદ્ર કનૈયા (બ્રાહમણ) ઉ.વ. ૪૪ રહે. એ/૨૪ સતેજ હોમ્સ વટવા ગામડી નવા વટવા અમદાવાદ (૩) જીગ્નેશ ઉર્ફે જીગો સ/ઓ ગોરધનભાઈ રાઠોડ ઉ.વ. ૨૮ રહે. ગામ સામરખા રોહીતવાસ તાજી.આણંદ નાઓ પાસેથી સિલ્વર રંગની ધાતુનો વાસણનો સેટ નંગ-૧ તથા ખાતરીયા નંગ-૩ તથા લેપટોપ નંગ-૨ મળી કુલ કિ.રૂ.૧૬,૫૦૦/ ના મુદ્દામાલ સાથે મળીઆવતાં જે મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે અને આરોપીઓને તા.૮/૯/૨૦૧૭ ના કલાકઃ ૧૭/૦૦ વાગે સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરવામાં આવેલ

આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલ બાબતે તેઓની પુછપરછ કરતા છેલ્લા બેએક વર્ષમાં ત્રણેય આરોપીઓએ અલગ-અલગ જોડી બનાવી તેમજ અલગ-અલગ સમયે અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ બહુમાળી કોમર્શીયલ કોમ્પલેક્ષમાંની દુકાનોના તાળા અગર શટરો ખાતરીયા વડે તોડી રોકડ રકમ, મોબાઈલ ફોન, કેમેરા તથા લેપટોપની ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરેલ આધારે તપાસ કરતાં અમદાવાદ શહેરના નીચે મુજબના ઘરફોડ ચોરીના ગુન્હાઓ ડીટેકટ થવા પામેલ છે.

(૧) આનંદગર પોસ્ટે. વિસ્તારમાં એટલાન્ટીસ નામના કોમ્પલેક્ષના સાતમા માળે આવેલ એક ઓફિસમાંથી લેપટોપ નંગ-૬ મળી કિ.રૂ. ૧,૫૦,૦૦૦/-ની મત્તાની ચોરી કરેલ.જે પૈકી બે લેપટોપ હાલ કબજે કરેલ છે.

(૨) આનંદગર પોસ્ટે. વિસ્તારમાં એસજી.હાઈવે ઉપર આવેલ સપથ-૪ કોમ્પલેક્ષના આઠમા માળે આવેલ ઓફિસમાંથી રોકડ રૂપિયા રૂ ૧૦,૦૦૦/- તથા સિલ્વર રંગની ધાતુના સેટ મળી કિરૂ. ૧૧,૫૦૦/-ની મત્તાની ચોરી કરેલ. જે પૈકી સિલ્વર રંગની ધાતુના સેટ૧ હાલ કબજે કરેલ છે.

(૩) સેટેલાઈટ પો.સ્ટે. વિસ્તારમાં શિરોમણી કોમ્પલેક્ષ ના ત્રીજા માળે દુકાનમાંથી રૂ ૧,૫૦,૦૦૦/- ની ચોરી કરેલ.

(૪) વસ્ત્રાપુર પોસ્ટે. વિસ્તારમાં મિલેનીયમ પ્લાઝામાં આવેલ ચોથા માળે એક કલાસીસની ઓફિસમાંથી રોકડા રૂ.૬૦,૦૦૦/-ની ચોરી કરેલી.

(૫) સેટેલાઈટ પો.સ્ટે. વિસ્તારમાં સ્ટાર બજાર સામે આવેલ અભિશ્રી કોમ્પલેક્ષમા એક સ્ટુડીયોનુ તાળુ તોડી તેમાથી એક કેમેરો તથા મોબાઈલ ફોન મળી કિ.રૂ. ૫૫૦૦૦/-ની મતાની ચોરી કરેલ.

(૬) વસ્ત્રાપુર પોસ્ટે. વિસ્તારમાં સાર્થક સ્ક્વેર કોમ્પલેક્ષમાથી ૨ લેપટોપ કિ. ૫૦,૦૦૦/-ની મતાની ચોરી કરેલ.

(૭) ઈસનપુર પોસ્ટે. વિસ્તારમાં આવકાર હોલ પાસે ગીરીરાજ ટેનામેન્ટ બનં-૨ માં આવેલ અમુલ કોર્નર પાસે દુકાનમાંથી રોકડ રૂ.૨૨,૦૦૦/-ની મતાની ચોરી કરેલ.

## ગુનાની એમઓ.

આરોપીઓ રાત્રીના સમયે બંધ દુકાનોને મારેલ શટરના તાળાને સળિયા જેવા ખાતરીયા વડે તોડી નાખી દુકાનમાં ધુસી જઈ રોકડ રકમ મોબાઈલ ફોન, કેમેરા તથા લેપટોપની ચોરીઓ કરવાની એમ.ઓ. ધરાવે છે.

## આરોપીઓનો ગુનાહીત પુર્વ ઈતિહાસ

(૧) **આરોપી અમીત દરજી** અગાઉ વડોદારામાં ૨૦૦૩ માં ઘરફોડ ચોરી તેમજ હથીયારના ગુનામાં જેલમાં હતો જે દરમ્યાન વર્ષ ૨૦૦૪ માં ભરૂચ ખાતે પોલીસ જાપ્તામાંથી ભાગી ગયેલ અને તે પછી તેણે વડોદરામાં બંગાળી તથા મરાઠી યુવકો સાથે મળી લુંટ તેમજ ધાડના ગુનાઓ કરેલત્યારબાદ આ ગુનાઓમાં ૨૦૦૪ના વર્ષમાંજ પકડાઈ જતા ત્યારથી વડોદરા જેલમા હતો ત્યારબાદ વર્ષ ૨૦૦૭ માં તેને આ ગુનાઓમાં ૧૭ વર્ષની સજાઓ થયેલી જે અંગે તેણે હાઈકોર્ટમાં અપીલ કરતા વર્ષ ૨૦૧૫ માં સજા પુરી થઈ જતાં તા૩૧/૧/૨૦૧૫ ના રોજ વડોદરા ખાતેથી જેલ મુકત થયેલ હતો આ પછી તે માર્ચ-૨૦૧૫ મા વડોદરા ખાતે ઘરફોડ ચોરીના પાંચ ગુનાઓમાં પકડાયેલ તેમજ આણંદમાં રીક્ષા ચોરીના-૧ ગુનામાં પકડાયેલ આ પછી ૨૦૧૬ માં ત્રિજા મહીનામાં વસ્ત્રાપુર પોસ્ટે. ખાતેના બે લેપટોપ ચોરીના ગુનામાં પકડાયેલ જે કેસમાં જેલમા જતા વર્ષ૨૦૧૬ ના ૧૧ મા મહિનામા જામીન પર છુટેલ છે.

(૨) **આરોપી નયન ઉર્ફે કમલેશ કનૈયાનાનો** અગાઉ ચારેક વર્ષ પહેલા અમદાવાદ શહેરમાં નવરંગપુરા, નારણપુરા તથા એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારની ચોરી કરવાના-૨૧ જેટલા ગુનાઓમા પકડાયેલ છે.

(૩) **આરોપી જીગ્નેશ ઉર્ફે જીગો રાઠોડ** નાનો અગાઉ આણંદ ખાતે બાઈક ચોરીના-૩ ગુનાઓમાં પકડાયેલ છે.

## અમદાવાદ શહેર વિસ્તારમાં ટુ વ્હીલર ઉપર જતા દંપતીઓ પૈકી પાછળ બેઠેલ સ્ત્રીઓને ટાર્ગેટ બનાવી તેઓના ગળામાંથી ચેઇન સ્નેચીગ કરતા એક ઇસમને પલ્સર મોટર સાયકલ તેમજ સોનાની બે ચેઇન સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

**અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી રહે તેમજ શહેરમાં બનતા ચેઈન સ્નેચિંગના ગુન્હાઓ શોધી કાઢવા સારૂ તેમજ અટકાવવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડના પોલીસ ઈન્સપેક્ટર શ્રી પી.જી.સરવૈયા તથા પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ તથા પો.સ.ઇ. શ્રી કે.ડી.જાડેજા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેરના દરીયાપુર વિસ્તારનાં જોર્ડન રોડ પરનાં પ્રેમ દરવાજા પાસે જાહેરમાંથી** **આરોપી** મોહમદ ઇલીયાસ ઉર્ફે ગાંધી S/O અબ્દુલસત્તાર યાકુબ માસ્ટર જાતે શેખ ઉ.વ.૩૩ રહે,ઘરનં.૩૩૪૯, નગીનાપોળ, તંબુ ચોકીની સામે દરીયાપુર અમદાવાદ નાને બે **સોનાની ચેઈન કુલ કિ.રૂ.**૬૧,૬૩૫ **/- તથા** બજાજ પલ્સર મો.સાયકલ નં. GJ-21-AG-5158 કિ.રૂ.૪૦,૦૦૦/- **મળી કુલ કિ.રૂ.**૧,૦૧,૬૩૫ **/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેને અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.**

ઉપરોક્ત આરોપીની સઘન પુછપરછ કરતા આરોપી મોહમદ ઇલીયાસ ઉર્ફે ગાંધી નાએ પોતાના સાથીદાર ઈરફાન પીલુભાઈ શેખ રહે. કાઝી મહોલ્લા પોપટીયાવાડ દરીયાપુર અમદાવાદ તથા શાહનવાજખાન ઉર્ફે જીણીયો S/O યુસુફખાન પઠાણ નાઓની સાથેમળી, કબજે કરેલ મો.સાયક્લના જે પણ આરોપી ઈરફાન પીલુભાઈ શેખ નાએ નવરંગપુરા વિસ્તારમાંથી ચોરી કરી લઇ આજદિન સુધી **કુલ-૮** ચેઇન સ્નેચિંગ કરેલાની કબુલાત કરેલ હોય જેમાં **શાહીબાગ** પો.સ્ટેશન ખાતે-૧, **વસ્ત્રાપુર** પો.સ્ટેશન ખાતે-૧, **વાડજ** પો.સ્ટેશન ખાતે-૧, **બાપુનગર** પો.સ્ટેશન ખાતે-૧ દાખલ થયેલ ગુન્હાઓનો ભેદ ઉકેલાય છે. તેમજ **નવરંગપુરા** પો.સ્ટેશન ખાતે દાખલ થયેલ મો.સા. ચોરીના -૧, ગુન્હાનો ભેદ ઉકેલાય છે અને જેને વધુ તપાસ પોલીસ સબ ઇન્સ. શ્રી બી.એચ.કોરોટ નાઓ ચલાવી રહેલ છે.

**સરદારનગર પોલીસ સ્ટેશનઃ** **(૧)**

(ગણના પાત્ર પ્રોહીબીશન કેસ)

આજરોજ અમદાવાદ શહેર ના મે. પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પો. કમિશ્નર સેકટર ૨ સાહેબના હુકમથી તથા ઝોન-૪ સા શ્રી તથા મ.પો.કમિશ્નર શ્રી જી'ડીવીજન નાઓની જાણ સારૂ પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા સાહેબ નાઓની સુચનાથી પોસઇ પી.જે.ખરસાણ તથા પો.કો. દિનેશકુમાર સાગરભાઇ બ.ન.૧૦૩૫૦ તથા પો.કો.ભરતભાઇ હરચંદભાઇ બ.ન.૮૪૫૭ તથા પો.કો.હાવેશકુમાર ખોડાભાઇ બ.ન.૪૯૩૦ તથા પો.કો.ભરતભાઇ ગાંડુભાઇ બ.ન.૧૦૧૭૩ તથા પો.કો.કપિલકુમાર કાંતિભાઇ બ.ન.૯૮૯૮ તથા પો.કો.ક્રિપાલસિંહ અનવરસિંહ બ.ન.૮૮૨૧ તથા પો.કો જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.ન. ૫૧૧૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો. દિનેશકુમાર સાગરભાઇ બ.ન.૧૦૩૫૦ નાઓને બાતમી હકીકત મળેલ કે કુબેરનગર છારાનગર ફ્રી કોલોનીમાં રહેતી કમલાબેન ગોપાલભાઇ ગાગડેકર ના રહેણાંક મકાને તેની દીકરી રેશ્મા વા/ઓફ રીપેશ માછરેકર નાનીએ કેટલોક પરપ્રાંતીય ઇંગ્લીસ દારૂ નો જથ્થો વેચાણ સારૂ લાવી રાખી મુકેલ છે. જે હકીકત આધારે સદરી જગ્યાએ બે પંચોના માણસોને સાથે રાખી સદરી મકાનમાં રેડ કરતા રેશ્મા વા/ઓફ રીપેશ માછરેકર નાની રેઇડ કરવા જતાં સદરી બાઇ પોલીસના માણસોને ઓળખી જતાં બાજુમાં આવેલ ગલીમાંથી ભાગી ગયેલ બાદ પંચો રૂબરૂ મકાનમાં તપાસ કરતા મકાનના ઓસરીમાથી પરપ્રાંત ના ઇંગ્લીશ દારુની બોટલ તથા બિયરના ટીન મળી કુલ્લે-૬૪ નંગ/બોટલની કુલ્લે કિ.રુ.૨૬૦૦૦/- મતાનો મળી આવતા પંચનામા વિગતે કબ્જે કરી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે. આમ, સરદારનગર પોલીસ દ્વારા ગણના પાત્ર પ્રોહીબીશનનો જથ્થો શોધી પ્રસંશનિય કામગીરી કાર્યવાહી કરેલ છે.

**(૨)**

આજરોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અ'વાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડિવીઝન નાઓ તથા પો.ઇન્સ. એચ.બી.ઝાલા સરદારનગર પો.સ્ટે. નાઓની સુચનાથી સ્ટાફના પોસઇ કે.એમ.ચૌધરી તથા હેકો. હસમુખભાઇ કેશવલાલ બનં-૯૨૪૯ તથા હેકો. ભરતભાઇ મોહનભાઇ બનં-૭૮૯૮ તથા પોકો. રજનીકાંત ડાહ્યભાઇ બનં-૫૧૨૧ તથા પોકો. વદેસિંહ જુઠાજી બનં-૪૧૬૪ તથા પોકો. ધર્મેન્દ્રસિંહ દિલીપસિંહ તથા બીજા સ્ટાફના માણસોની સાથે કુબેરનગર પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૨/૪૫ વાગે કુબેરનગર રેલ્વે ક્રોસિંગ આગળ જાહેર રોડ પર આવતા અમોને બાતમી હકિકત આપેલ કે છારાનગર ફ્રી કોલોની પાણીની ટાંકી પાસે જાહેરમાં કેટલાક ઇસમો ગોળકુંડાળુ વળી પૈસા પાનથી હારજીતનો જુગાર રમી રમાડે છે વિગેરે બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ રેડ કરતા જુગાર રમતા **ભુપેશભાઇ ગણેશભાઇ ગારંગે ઉવ.૩૮ રહે, અર્જુનનગર સત્યનારાયણ દુધઘર પાસે છારાનગર કુબેરનગર અ'વાદ શહેર+૪=૫** નાઓને જુગાર રમતા રોકી પકડી લઇ **દાવના નાંણા રૂ.૩૭૫૦/- તથા અંગઝડતીના નાંણા રૂ.૭૭૫૦/- તથા ગંજીપાના નંગ-૪૮ કિ.રૂ.૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૧,૫૦૦/-** ની મત્તા સાથે મળી આવી પકડાઇ ગયેલ હોય આમ સરદારનગર પો.સ્ટે. ના માણસો દ્વારા પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**<u>જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશનઃ</u>**

## કોમ્બીંગ ના.રા. દરમ્યાન વિદેશી દારૂ પકડતી જીઆઇડીસી વટવા પોલીસ

મે. પોલીસ કમિશ્નર સા. અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર સા સેકટર-૨ નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્તનાબુદ કઅરવા મળેલ સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર સા ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સા. "જે" વિભાગ નાઓના માર્ગદર્શન તળે જીઆઇડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને તા.૧૦/૯/૨૦૧૭ ના ૨૩/૦૦ થી તા.૧૧/૯/૨૦૧૭ ના કલાક ૦૫/૦૦ વાગ્યા ની કોમ્બીંગ મા.રા. દરમ્યાન જીઆઇડીસી વટવા પો.સ્ટે સીનીયર પોલીસ ઇન્સ્પેકટર ડી.આર. ગોહીલ સા. નાઓના માર્ગદર્શન મુજબ સર્વલન્સ પો.સ.ઇ. શ્રી વિરન્દ્રસીંહ એન વાઘેલા નાઓએ પો.કો. રમેશભાઇ ગોરાભાઇ નાઓએ મળેલ બાતમી હકિકત આધારે ઓટો રીક્ષા નં જીજે-૦૧-ડીયુ-૫૧૭૩ માં પરપ્રાંતના ઇંગ્લીશ દારૂની હેરાફેરી કરતા ડ્રાઇવર નં (૧) સાદીક અબ્દુલસતાર જાતે અન્સારીઉવ.30 રહે:- મ.નં એક ઇબ્રાહીમ ડુપ્લેક્ષ અલસુકુનની પાસે ફતેવાડી સરખેજ અમદાવાદ નં (૨) અસરફખાન ઇસમાઇલખાન પઠાણ ઉવ.૩૫ રહે:- મ.નં બી/૧ ઓરેન્જફ્રોર અસરફી મસ્જીદની પાસે ફતેવાડી સરખેજ અમદાવાદ નં (૩) અલ્લારખા રફીકભાઇ સૈયદ ઉવ.૨૨ રહે: મ.નં એ/૩ રહે:- મ.નં એક ઇબ્રાહીમ ડુપ્લેક્ષ અલસુકુનની પાસે ફતેવાડી સરખેજ અમદાવાદ નાઓના કબ્જાની ઓટો રીક્ષા માંથી ભારતીય બનાવટનો પરપ્રાંતનો ROYAL STYLE WHISKY કંપનીની ૭૫૦ એમ.એલ. ની સીલબંધ બોટલનંગ કિ.રૂ ૧૪૦૦૦/- નો માલ રાજસ્થાન ખેરવાડા ખાતેથી ચીરાગ પ્રકાશભાઇ પંચોલી પાસેથી લઇ અને વટવા અંબીકા ટ્યુબના છાપરા ખાતે રહેતા ચેતન નવલસીંહ કટારા નાઓને અપવા જતા આજરોજ તા.૧૧/૯/૨૦૧૭ ના કલાક ૦૧/૦૫ વાગે પકડાય ગયેલ છે જેમાં ઉપરોકત ત્રણ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે અને માલ આપનાર તથા લેનારને પકડવાની તજવીજ ચાલુ માં છે

મુદામાલ : પરપ્રાંતનો ROYAL STYLE WHISKY કંપનીની ૭૫૦ એમ.એલ. ની સીલબંધ બોટલનંગ કિ.રૂ ૧૪૦૦૦/- તથા ઓટો રીક્ષા નં જીજે-૦૧-ડીયુ-૫૧૭૩ કિ.રૂ. ૪૦,૦૦૦/-

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.